ELECTION
IMMEDIATE

OFFICE OF THE
CHIEF ELECTORAL OFFICER

GUJARAT STATE

Media Cell

General Administration Department (Election Division)
Sardar Bhavan, Block No. 6, 2nd floor, Sachivalay, Gandhinagar-382010

Date: 29-10-2026 **Press Note No. 59**

ભારતના ચૂંટણી પંચ દ્વારા તા.૦૧.૦૧.૨૦૨૬ની લાયકાતની તારીખના આધારે ગુજરાતનો 'ખાસ સંક્ષિપ્ત સુધારણા (SSR)' નો સુધારેલ કાર્યક્રમ જાહેર

.....

૨૭મી નવેમ્બરે મુસદ્દા મતદારયાદી પ્રસિધ્ધ થશે
૨૭ નવેમ્બર થી ૨૬ ડિસેમ્બર, ૨૦૨૬ દરમિયાન વાંધા-દાવા રજૂ કરી શકાશે
૧૮મી જાન્યુઆરી, ૨૦૨૭ના રોજ આખરી મતદાર યાદી પ્રસિદ્ધ થશે

ગાંધીનગર:

ભારતના ચૂંટણી પંચ (ECI) દ્વારા લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ની કલમ ૨૧ હેઠળ તા. ૦૧.૦૧.૨૦૨૬ની લાયકાતની તારીખના આધારે તા.૧૫મી ઓકટોબર,૨૦૨૬ના રોજ ગુજરાત સહિત દેશના ૧૭ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો (આંદામાન અને નિકોબાર, અસમ, બિહાર, છત્તીસગઢ, ગોવા, કેરળ, લક્ષદ્વીપ, મધ્યપ્રદેશ, મણિપુર, પુડુચેરી, પંજાબ, રાજસ્થાન, તામિલનાડુ, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને પશ્ચિમ બંગાળ) માટે 'ખાસ સંક્ષિપ્ત સુધારણા' (Special Summary Revision - SSR) કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો હતો.

ભારતના ચૂંટણી પંચ દ્વારા ગુજરાત માટે SSRના કાર્યક્રમમાં સુધારો કરવામાં આવ્યો છે.નવા સુધારેલ કાર્યક્રમ પ્રમાણે હવે SSRનું શિડ્યુલ (SSR Schedule): આ પ્રમાણે રહેશે.

| ૧ | મતદાન મથકોનું પુનર્ગઠન/રેશનલાઇઝેશન | ૧૭.૧૧.૨૦૨૬ સુધી

| ૨ | એકીકૃત મુસદ્દા મતદાર યાદીની પ્રસિદ્ધિ (Draft Publication) | ૨૭.૧૧.૨૦૨૬

| ૩ | વાંધા અને દાવાઓ રજૂ કરવાનો સમયગાળો | ૨૭.૧૧.૨૦૨૬ થી ૨૬.૧૨.૨૦૨૬

| ૪ | વાંધા-દાવાઓનો નિકાલ કરવાની આખરી તારીખ | ૧૧.૦૧.૨૦૨૭ સુધી

| ૫ | આખરી મતદાર યાદીની પ્રસિદ્ધિ (Final Publication) | ૧૮.૦૧.૨૦૨૭

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ તા. ૦૧ જાન્યુઆરી, ૨૦૨૭ના રોજ ૧૮ વર્ષ પૂર્ણ કરનાર તમામ લાયકાત ધરાવતા નાગરિકોના નામ નોંધવા તેમજ તે પછીની ત્રણ લાયકાતની તારીખો (૧ એપ્રિલ, ૧ જુલાઈ અને ૧ ઓક્ટોબર, ૨૦૨૭) ના સંદર્ભમાં પણ અગાઉથી અરજીઓ મેળવવાનો છે.

મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી, ગુજરાત દ્વારા રાજ્યના તમામ લાયક નાગરિકો અને ખાસ કરીને પ્રથમ વખત મતદાર બનતા યુવાનોને નિયત સમયગાળા દરમિયાન પોતાના નામ નોંધાવવા અથવા સુધારા કરાવવા અનુરોધ કરવામાં આવે છે.

.....